# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 31-03-2024 Morning : 7.45 to 7.55

Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

**************************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે એક સમારોહમાં ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્ન પુરસ્કાર એનાયત કરશે
- લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા અને સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર પરત ખેંચવાનો ગઇકાલે છેલ્લો દિવસ હતો
- વિપક્ષી ગઠબંધન INDIAએ આજે નવીદિલ્હીના રામલીલા મેદાનમાં લોકતંત્ર બચાવો રેલીનું આયોજન કર્યું છે.
- સમગ્ર વિશ્વમાં આજે ખ્રિસ્તી ભાઈઓ બહેનો દ્વારા ઈસ્ટરની ઉજવણી કરવામાં આવી રહી છે
- IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થશે જ્યારે વિશાખાપટ્ટનમમાં દિલ્હી કેપિટલ્સ ચેન્નાઇ સુપર કિંગ્સ સામે ટકરાશે.

**************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. PRESIDENT - BHARAT RATNA

શ્રી રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારતરત્ન અર્પણ કરશે.

દરમિયાન શ્રીમતી મુર્મુએ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા. શ્રીમતી મુર્મુએ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિંહા રાવ અને ચૌધરી ચરણસિંહ, બિહારના બે વખતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુર અને કૃષિ વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથનને મરણોપરાંત દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા હતા. આ પુરસ્કાર તેમના સંબંધીઓને આપવામાં આવ્યા હતા.

પુરસ્કાર સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ભારત રત્ન દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. જે કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ સેવા અને સર્વોચ્ચ ક્રમના પ્રદર્શન માટે આપવામાં આવે છે.

..................................

# NAGALAND-LS ELECTION

નાગાલેન્ડમાં લોકસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની અંતિમ તારીખ સમાપ્ત થયા પછી ત્રણ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

નાગાલેન્ડના કમિશનર અને રિટર્નિંગ ઓફિસર સુશીલકુમાર પટેલે જણાવ્યું હતું કે, કોઈ ઉમેદવારે પોતાની ઉમેદવારી પાછી ખેંચી નથી. આ સાથે, નાગાલેન્ડમાં આવનારી ચૂંટણીમાં એક માત્ર બેઠક માટે રાષ્ટ્રવાદી પ્રોગ્રેસિવ પાર્ટીના ડો. ચુમ્બેન મુરી, કોંગ્રેસના એસ સુફોંગમેરેન જમીર અને અપક્ષ ઉમેદવાર હેઇથુંગ ટુંગો લોથા છે. નાગાલેન્ડમાં ચૂંટણીના પ્રથમ તબક્કામાં 19 એપ્રિલે મતદાન થશે અને 4 જૂને મતગણતરી થશે.

................................

# ARUNACHAL-POLLS

અરુણાચલ પ્રદેશમાં ગઈકાલે ઉમેદવારી પત્ર પરત ખેંચવાની છેલ્લી તારીખ બાદ ભારતીય જનતા પાર્ટીના 10 ધારાસભ્યોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.

અરુણાચલ પ્રદેશમાં 60 વિધાનસભા અને બે લોકસભા બેઠકો માટે 19 એપ્રિલે એક જ તબક્કામાં મતદાન થશે.

................................

# MAHA-LS POLLS

મહારાષ્ટ્રની પ્રથમ તબક્કાના મતદાનમાં પાંચ લોકસભા બેઠકો માટે કુલ 97 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ પાંચેય બેઠકો, નાગપુર, ચંદ્રપુર, રામટેક, ભંડારા-ગોંદિયા અને ગઢચિરોલી-ચિમુર મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશમાં છે.

રામટેકમાં મુખ્ય હરીફાઈ મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેના અને કોંગ્રેસ વચ્ચે છે. બાકીની 4 બેઠકો પર કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જંગ ખેલાશે. અજ્ઞાત પક્ષોના 13 ઉમેદવારો અને 12 અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે. રામટેકમાં ઉમેદવારી નોંધાવ્યાના એક દિવસ પછી, કોંગ્રેસની રશ્મિ બર્વેનું જાતિ માન્યતા પ્રમાણપત્ર અમાન્ય જાહેર કર્યા બાદ ઉમેદવારી પત્ર નકારી કાઢવામાં આવ્યું હતું. નાગપુરમાં મુખ્ય મુકાબલો કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નીતિન ગડકરી અને કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય વિકાસ ઠાકરે વચ્ચે છે. દરમિયાન મુંબઈમાં મુખ્ય ચૂંટણી અધિકારી એસ ચોકલિંગમે જણાવ્યું હતું કે, આ પાંચ મતવિસ્તારમાં 95 લાખ 54 હજાર 667 મતદારો છે, જેમાં 48 લાખ 28 હજાર 142 પુરૂષો, 47 લાખ 26 હજાર 178 મહિલાઓ અને 347 ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે કુલ 10 હજાર 652 મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. મરાઠવાડા અને વિદર્ભની 8 બેઠકો માટે બીજા તબક્કાના મતદાન માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા 28 માર્ચે શરૂ થઈ હતી.

..............................

# TAMIL NADU -FINAL LIST

તમિલનાડુમાં લોકસભા ચૂંટણી માટે એક તબક્કામાં મતદાન થવાનું છે. ભરાયેલા કુલ ઉમેદવારી પત્રો પૈકી એક હજાર 85 ઉમેદવારીપત્રો માન્ય જણાયા હતા. એકસો 38 ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્રો પાછા ખેંચ્યા છે. 19 એપ્રિલે મતદાન થશે. વિલાવનકોડ પેટાચૂંટણી માટે પણ એ જ દિવસે મતદાન થશે. પેટાચૂંટણી માટે દસ ઉમેદવારો મેદાનમાં છે.

ચૂંટણી પંચે આદર્શ આચારસંહિતાના કડક પાલનની ખાતરી કરવા માટે 39 સામાન્ય નિરીક્ષકો, 20 પોલીસ નિરીક્ષકો અને 58 ખર્ચ નિરીક્ષકો તૈનાત કર્યા છે. ચૂંટણી સંબંધિત ફરિયાદો માટે, રાજ્યના લોકોને સી-વિજિલ એપ અને 1950 હેલ્પડેસ્ક નંબરનો ઉપયોગ કરવા માટે જણાવવામાં આવ્યું છે.

..................................

# ASSAM-NOMINATIONS

આસામમાં પાંચ બેઠકો માટે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 35 ઉમેદવારો મેદાનમાં છે.

જોરહાટ બેઠક પર ગઈકાલે એક ઉમેદવારે નામાંકન પાછું ખેંચ્યું હતું. ભાજપ તમામ પાંચ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. કોંગ્રેસે દિબ્રુગઢ ખાતે આસોમ જાતીય પરિષદ AJPને સમર્થન આપતાં ચાર બેઠકો માટે ઉમેદવારો ઉભા રાખ્યા છે.

અમારા ગુવાહાટીના સંવાદદાતા અહેવાલ આપે છે કે, ભાજપ માટે કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ, સાંસદ પ્રદાન બરુઆ, કામાખ્યા પ્રસાદ તાશા અને ટોપન કુમાર ગોગોઈ, ધારાસભ્ય રણજીત દત્તા મેદાનમાં છે.

કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ, પૂર્વ ધારાસભ્ય રોસેલિના ટિર્કી અને ઉદય શંકર હજારિકા ચૂંટણી લડી રહ્યા છે. આસોમ જાતીય પરિષદ AJPના પ્રમુખ લુરીનજ્યોતિ ગોગોઈ ડિબ્રુગઢ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

.................................

# INDIA-RALLY

વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા (INDIA)એ આજે નવી દિલ્હીના રામલીલા મેદાનમાં લોકતંત્ર બચાવો રેલીનું આયોજન કર્યું છે.

આ રેલીમાં કોંગ્રેસ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ, શિવસેના – ઉદ્ધવ ઠાકરે જૂથ, સમાજવાદી પક્ષ, આમ આદમી પાર્ટી, રાષ્ટ્રીય જનતાદળ, દ્રવિડ મુનેદ્ર કઝગમ, નેશનલ કોન્ફરન્સ, ઝારખંડ મુક્તિ મોરચો, ડાબેરી પક્ષો અને અન્ય પક્ષોના મુખ્ય નેતાઓ ભાગ લેશે.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે આ રેલી વિષે માહિતી આપી કે, વધતી જતી મોંઘવારી, બેરોજગારી, આર્થિક અસમાનતા અને સામાજિક ધ્રુવીકરણ જેવા મહત્વના મુદ્દાઓ આ રેલીમાં ઉઠાવવામાં આવશે.

.................................

# PM – MEERUT

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. તેઓ મેરઠમાં જનસભાને સંબોધશે.

ભારતીય જનતા પાર્ટીએ  ટીવી સીરિયલ રામાયણમાં રામના નામથી પ્રસિદ્ધ અરુણ ગોવિલને મેરઠ લોકસભા બેઠક પરથી ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાષ્ટ્રીય લોકદળના પ્રમુખ જયંત ચૌધરી અને ભારતીય જનતા  પાર્ટીના અન્ય નેતાઓ હાજર રહેશે.

ઉત્તરપ્રદેશમાં સાત તબક્કામાં મતદાન થવાનું છે. ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન NDA એ કેન્દ્રમાં ફરી સત્તામાં આવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને આ માટે ઉત્તરપ્રદેશ મહત્તમ 80 સંસદીય બેઠકો સાથે મહત્વપૂર્ણ સાબિત થશે.

..................................

# PREZ-EASTER

સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તી ભાઈઓ-બહેનો દ્વારા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનર્જીવન પ્રસંગે આજે ઈસ્ટર પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દેશવાસીઓને ઈસ્ટરની શુભકામના પાઠવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઇસ્ટરની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, પ્રભુ ઇસુ ખ્રિસ્તના પુનજીર્વનની યાદમાં મનાવવામાં આવતું આ પર્વ પ્રેમ અને કરૂણાનું પ્રતીક છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે, ઇસ્ટર ત્યાગ અને ક્ષમાનો સંદેશ આપે છે. ઇશુ ખ્રિસ્તનો સંદેશ આપણને શાંતિ અને સૌહાર્દનો માર્ગ બતાવે છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પણ ઈસ્ટરની શુભેચ્છા પાઠવતા જણાવ્યુંહતું કે, ભગવાન ઇસુ ખ્રિસ્તના પુનરુત્થાનની યાદમાં ઉજવાતો ઇસ્ટરનો તહેવાર આપણને પ્રેમ, કરુણા અને ક્ષમાની યાદ અપાવે છે. તેમણે ઈચ્છા વ્યક્ત કરી કે ઈસ્ટર દરેકના જીવનમાં શાંતિ અને સંવાદિતા લાવે.

..................................

# IPL CRICKET RESULT

IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બપોરે સાડા ત્રણ વાગે ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો થશે અને વિશાખાપટ્ટનમના વાયએસ રાજશેખર રેડ્ડી સ્ટેડિયમમાં સાંજે સાડા સાત વાગ્યે દિલ્હી કેપિટલ્સ ચેન્નાઇ સુપર કિંગ્સ સામે ટકરાશે.

દરમ્યાન લખનઉ સુપર જાયન્ટ્સે પંજાબ કિંગ્સને 21 રનથી હરાવ્યું હતું. લખનઉ સુપર જાયન્ટ્સના 200 રનના લક્ષ્યાંકનો પીછો કરતા પંજાબ કિંગ્સ નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 178 રન જ બનાવી શકી હતી. પંજાબ કિંગ્સ તરફથી કેપ્ટન શિખર ધવને સૌથી વધુ 70 રન બનાવ્યા હતા. જોની બેયરસ્ટોએ

42 રન બનાવ્યા હતા. લખનઉ સુપર જાયન્ટ્સ તરફથી મયંક યાદવે ત્રણ વિકેટ ઝડપી હતી અને ક્વિન્ટન ડી કોકે 54 જ્યારે કૃણાલ પંડ્યાએ 43 રન બનાવ્યા હતા. પંજાબ કિંગ્સ તરફથી સેમ કેરેને 3 વિકેટ લીધી હતી. મયંક યાદવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

................................

## ED - KANWAR DEEP SINGH

EDએ અલ્કેમિસ્ટ જૂથની કંપનીઓની 29 કરોડ રૂપિયાથી વધુની જંગમ અને સ્થાવર મિલકતો અસ્થાયી રૂપે જપ્ત કરી છે. જપ્ત કરેલી સંપત્તિઓમાં એક વિમાન બીચ કિંગ એર C-90A, હિમાચલ પ્રદેશ અને મધ્યપ્રદેશમાં સ્થિત ફ્લેટ અને જમીનનો સમાવેશ થાય છે. EDએ કહ્યું કે અલ્કેમિસ્ટ જૂથના વડા ભૂતપૂર્વ રાજ્યસભા સભ્ય અને અખિલ ભારતીય તૃણમૂલ કોંગ્રેસના નેતા કંવર દીપસિંહ છે. ED એ અલ્કેમિસ્ટ ગ્રૂપની અનેક વ્યક્તિઓ અને ગ્રૂપ કંપનીઓ વિરુદ્ધ CBI લખનઉ અને કોલકાતા પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી FIRના આધારે તપાસ શરૂ કરી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે, અલ્કેમિસ્ટ ગ્રૂપે તેની કંપનીઓમાં રોકાણકારો અને પીડિતો પાસેથી ઊંચા વળતર અને ફ્લેટ અને વિલા આપવાના ખોટા વચનો આપી એક હજાર 800 કરોડથી વધુ એકત્ર કર્યા હતા.

આ કેસમાં ઈડીએ તાજેતરમાં તૃણમૂલ કોંગ્રેસ પાસેથી 10 કરોડથી વધુની રકમ જપ્ત કરી હતી.

................................

# INDIA ZINDABAD BY PAK CREW

29મી માર્ચે અરબી સમુદ્રમાં સાહસિક ઓપરેશન બાદ ભારતીય નૌકાદળ દ્વારા સોમાલિયન ચાંચિયાઓથી બચાવેલા 23 પાકિસ્તાની નાગરિકોએ ભારતનો આભાર માન્યો હતો અને 'ભારત ઝિંદાબાદ'ના નારા લગાવ્યા હતા.

ભારતીય નૌકાદળની નિષ્ણાત ટીમે તેઓને  નવ સશસ્ત્ર ચાંચિયાઓથી બચાવ્યા હતા. ઈરાનના ધ્વજવાળા માછીમારી જહાજના પાકિસ્તાની ક્રૂને ચાંચિયાઓથી મુક્ત થયા બાદ અરબી સમુદ્રમાં ભારત ઝિંદાબાદના નારા લગાવતા જોવા મળ્યા હતા.

28મી માર્ચની મોડી સાંજે ઈરાની જહાજ પર સંભવિત ચાંચિયાગીરીની ઘટના અંગેની માહિતીના આધારે, દરિયાઈ સુરક્ષા કામગીરી માટે અરબી સમુદ્રમાં તૈનાત ભારતીય નૌકાદળના બે જહાજોને અપહરણ કરાયેલા માછીમારી જહાજને અટકાવવા માટે રવાના કરવામાં આવ્યા હતા. એક નિવેદનમાં, ભારતીય નૌકાદળે કહ્યું કે, તે આ પ્રદેશમાં કોઈપણ રાષ્ટ્રીયતાને ધ્યાનમાં લીધા વિના, દરિયાઈ સુરક્ષા અને ખલાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

..................................